**ફોજદારી ઈન્કવાયરી નં.૧૭૭૦/૨૦૨૫**

**આંક–૧ નીચે હુકમ**

૧. રેકર્ડ લક્ષમાં લેતા તેમજ હાલની ફરીયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા.આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ પોતે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨(૨૮) અંતર્ગત "સરકારી નોકર" તરીકે ફરજ બજાવતા હોય દાખલ કરેલી છે.જેથી આ કામે હાલની ફરીયાદ/ ઈન્કવાયરી સબબ આરોપીઓને નોટીસ કરતા ધારા ધોરણસરની બજવણી આરોપીઓ વતી તેમના વિ.વ.શ્રી. આજરોજ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ છે.

૨. આજરોજ આ કામના આરોપીપક્ષની રજૂઆત ધ્યાને લેતાં તેઓએ હાલની ફરીયાદ સંબંધે કોઇ વાંધા કે દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી.વધુમાં આરોપીઓ વતી તેઓના વિ.વ.શ્રીએ હાજર રહી આંક- ૯ અને ૧૦ થી પુરસીસ આપી સદર ફરીયાદ બાબતે સંજ્ઞાન લેવામાં આવે તો તેઓને કોઇ વાંધો તકરાર નથી તેવું જાહેર કરેલ છે. તે સંજોગોમાં આ કામે રજૂ ફરીયાદીની ફરીયાદ અને કેસ પેપર્સ ધ્યાને લેતાં આરોપીઓ સામે ગુના સબબ પ્રથમ દર્શનીય ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતા અને સબળ કારણો જણાઇ આવે છે.જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**- હુકમ -**

૧. હાલની ફરીયાદ ઈન્કવાયરી રજીસ્ટરેથી આથી કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી આરોપીઓ સામે બી.એન.એસ. એસ.એકટની કલમ-૨૨૭ અન્વયે ફરીયાદ સબબના ગુના અંગેનો સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કેસની હવે પછીની મુદત તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજની રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| તા.૧૦/૦૩/૨૦૨૬<br>સુરત | **(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**<br>એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,<br>મજુર અદાલત નંબર–૨,સુરત<br>Code No.-GJ01279 |